# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય બજેટ પહેલા પ્રધાનમંત્રી નીતિ આયોગમાં અર્થશાસ્ત્રીઓ સાથે આજે બેઠક કરશે

2) નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ બેંગલુરુમાં ધ્રુવ એન.જી હેલિકોપ્ટર ફ્લાઇટને લીલી ઝંડી આપશે.

3) ટ્રમ્પ સાથેની ટેલિફોનિક વાતચિતમાં રશિયાના રાષ્ટ્રપતિ પુતિને તેમના રાષ્ટ્રપતિ નિવાસ પર યુક્રેન દ્વારા હુમલો કરાયોનો દાવો કરાયો

4) બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી ખાલિદા ઝિયાનું ઢાકામાં નિધન

5) મહિલા ક્રિકેટમાં, ભારત આજે અંતિમ T20 મેચમાં શ્રીલંકા સામે ટકરાશે

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# POLICY COMMISSION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નીતિ આયોગમાં અગ્રણી અર્થશાસ્ત્રીઓ અને વિષય નિષ્ણાતો સાથે બેઠક કરશે. જે મુખ્ય આર્થિક નિર્ણયો પહેલાં સરકારની ચાલી રહેલી પરામર્શના ભાગ રૂપે છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ પણ આ વાતચીતમાં ભાગ લેશે, જેમાં વિવિધ આર્થિક મુદ્દાઓ પર ચર્ચા હાથ ધરાશે. શ્રી મોદી આગામી કેન્દ્રીય બજેટ પર અર્થશાસ્ત્રીઓના સૂચનો અને દ્રષ્ટિકોણ સાંભળશે.

સાંભળીએ એક અહેવાલ..

V/C: MUKESH

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ પશ્ચિમ બંગાળમાં આજે પક્ષના સંગઠનાત્મક બેઠક કરશે. તેઓ ગઇકાલે 2 દિવસની પશ્ચિમ બંગાળની મુલાકાતે પહોંચ્યા હતા.

આ મુલાકાત દરમિયાન, ગૃહમંત્રી આજે પક્ષના પદાધિકારીઓ સાથે અનેક ઉચ્ચ સ્તરીય બેઠકો યોજવાના છે જેથી આગામી ચૂંટણીઓ માટે ચૂંટણી રણનીતિઓની ચર્ચા કરી શકાય. તેમની પ્રથમ મહત્વપૂર્ણ સંગઠનાત્મક બેઠક આજે બિધાન નગરમાં યોજાવાની છે.

# RAM MOHAN NAIDU

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામ મોહન નાયડુ આજે બેંગલુરુમાં ધ્રુવ એનજી હેલિકોપ્ટરની શરૂઆતી ઉડાનને લીલી ઝંડી આપશે.

અત્યાધુનિક આ હેલિકોપ્ટર નવી જનરેશન ધ્રુવ એ સ્વદેશી હેલિકોપ્ટર છે જે 2025ના એરો ઇન્ડિયા શોમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. આ ચોપરમાં છ થી 14 મુસાફરો બેસી શકશે.

VIP પરિવહન, આપત્તિ અને પૂર વ્યવસ્થાપન અને ઓફશોર મિશન જેવી સિવિલ ભૂમિકાઓ ભજવવા સક્ષમ છે. તેમાં સ્વદેશી શક્તિ એન્જિન અને સિવિલ સર્ટિફિકેશન માટે ઉન્નત સુવિધાઓ છે.

# ARAVALLI

સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાના પોતાના જ ચુકાદા પર સ્ટે મૂકયો.અદાલતે કેન્દ્ર સરકાર અને અરવલ્લી પર્વત માળાની સરહદી રાજ્યો રાજસ્થાન,ગુજરાત,દિલ્હી અને હરિયાણાને નોટિસ જારી કરી

સાંભળીએ એક અહેવાલ....

**(V/C: ARAVALLI)**

સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યાને લગતી ચિંતાઓનો, પર્યાવરણવાદીઓ અને વિપક્ષી પક્ષો દ્વારા પર્વતીય ઇકોસિસ્ટમ પર તેની સંભવિત

અસર અંગે વધતી ટીકા વચ્ચે આ નિર્ણય લીધો છે. જયારે અરવલ્લી પર્વતમાળાની નવી સૂચિત વ્યાખ્યા સામે વાંધો ઉઠાવ્યા બાદ થયો છે, જે 100-મીટર ઊંચાઈના માપદંડ પર આધારિત છે.

## US -RUSSIA

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથેની મુલાકાતના એક દિવસ પછી, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્લાદિમીર પુતિન સાથે ફોન પર કરી.

આ વાતચીત દરમિયાન, પુતિને દાવો કર્યો કે યુક્રેને નોવગોરોડ ક્ષેત્રમાં તેમના રાષ્ટ્રપતિ નિવાસસ્થાનોમાંથી એકને નિશાન બનાવતા 91 ડ્રોનથી રાત્રે મોટા પાયે ડ્રોન હુમલો કર્યો. ટ્રમ્પે આ આરોપ પર આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે આ પગલાને શાંતિ વાટો ઘાટો વચ્ચે નકારાત્મક ગણાવ્યો

જવાબમાં, યુક્રેને રશિયન દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે, કથિત ઘટના બાદ પણ તે વાટાઘાટોથી સમાધાન માટે ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે ચર્ચા ચાલુ રાખશે.

## UNITED ARAB EMIRATES- PUTIN

સંયુક્ત આરબ અમીરાતે રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના નિવાસસ્થાનને નિશાન બનાવવાના પ્રયાસની સખત નિંદા કરી છે અને આ હુમલા અને તેનાથી સુરક્ષા અને સ્થિરતા માટે ઉભા થયેલા ખતરાનો વિરોધ કર્યો છે.

એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિ તેમજ રશિયાની સરકાર અને લોકો સાથે યુ.એ.ઈની એકતાની પુષ્ટિ કરી છે અને સુરક્ષા

અને સ્થિરતાને નબળી પાડવાના હેતુથી થતી તમામ પ્રકારની હિંસાનો અવિશ્વસનીય અસ્વીકાર પણ કર્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# WEST BENGAL

પશ્ચિમ બંગાળમાં, ગઈકાલે દક્ષિણ 24 પરગણા જિલ્લાના એક સુનાવણી કેન્દ્રમાં સ્પેશિયલ રોલ ઓબ્ઝર્વર સી મુરુગન સાથે ગેરવર્તણૂકના અહેવાલો પ્રકાશમાં આવ્યા હતા.

આરોપ મૂકવામાં આવ્યો છે કે જ્યારે સી મુરુગન પશ્ચિમ બંગાળમાં SIR ના સંદર્ભમાં સુનાવણી કેન્દ્રમાં આવ્યા ત્યારે તૃણમૂલ કોંગ્રેસના બૂથ લેવલ એજન્ટ 2 એ વિરોધ કર્યો હતો. રવિવારે અગાઉ, તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અને સાંસદ

અભિષેક બંદોપાધ્યાયે પાર્ટીના BLA ઓને રાજ્યભરના સુનાવણી કેન્દ્રોમાં હાજરી આપવા જણાવ્યું હતું.

ભારતના ચૂંટણી પંચે SIR પ્રક્રિયામાં BLA ઓ ને સુનાવણી કેન્દ્રોમાં પ્રવેશવાની પરવાનગી નકારી કાઢી હતી. સુનાવણી તબક્કા સાથે સંકળાયેલા કર્મચારીઓ અને તૃણમૂલ કોંગ્રેસ BLA ઓ વચ્ચે દલીલોના અહેવાલો ગઈકાલે પશ્ચિમ બંગાળના લગભગ તમામ જિલ્લાઓમાંથી આવ્યા હતા.

## BANGLADESH-INDIA

બાંગ્લાદેશ-ભારત સંબંધોમાં તાજેતરના તણાવ વચ્ચે બાંગ્લાદેશ વિદેશ મંત્રાલય દ્વારા તાત્કાલિક ધોરણે ભારતમાં બાંગ્લાદેશના હાઈ કમિશનર એમ રિયાઝ હમીદુલ્લાહ ગઈકાલે રાત્રે ઢાકા પહોંચ્યા હતા.

અગ્રણી દૈનિક પ્રથમ આલોએ રાજદ્વારી સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે દ્વિપક્ષીય સંબંધોની વર્તમાન સ્થિતિ પર પરામર્શ માટે હાઈ કમિશનરને નવી દિલ્હીથી પાછા બોલાવવામાં આવ્યા હતા અને સંદેશ મળ્યા પછી તરત જ પાછા ફર્યા હતા.

## KHALIDA PASSED AWAY

બાંગ્લાદેશના ભૂતપૂર્વ  પ્રધાનમંત્રી અને બીએનપી અધ્યક્ષ ખાલિદા ઝિયાનું આજે સવારે ઢાકાની એક હોસ્પિટલમાં નિધન થયું.તેઓ 80 વર્ષના હતા.

બીએનપી દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટમાં આ વાતનો ખુલાસો કરવામાં આવ્યો. બીએનપીના મીડિયા સેલે જણાવ્યું હતું કે, ખાલિદા ઝિયાનું નિધન એક ખાનગી હોસ્પિટલમાં તબીબી સંભાળ દરમિયાન થયું હતું.

બે વખત પ્રધાનમંત્રી રહેલા ખાલિદા ઝિયા દાયકાઓ સુધી બાંગ્લાદેશના રાજકારણમાં સૌથી અગ્રણી વ્યક્તિઓમાંના એક હતા અને ઘણા વર્ષો સુધી બીએનપી અધ્યક્ષ તરીકે સેવા આપી હતી.

## WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારત આજે કેરળના તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે પાંચમા અને અંતિમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરની આગેવાની ભારત પહેલાથી જ 5 મેચની શ્રેણીમાં 4-0 ની અજેય લીડ સાથે આગળ છે. રવિવારે રમાયેલી છેલ્લી મેચમાં, યજમાન ભારતે 222 ના લક્ષ્યની સામે 30 રનથી વિજય મેળવ્યો હતો. અગાઉ, શ્રેણીની પ્રથમ ત્રણ મેચમાં, ભારતે ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું છે.

## WEATHER

ભારતીય હવામાન વિભાગએ હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને પંજાબમાં આવતીકાલ સુધી સવાર અને રાત્રિના સમયે અતિગાઢ ધુમ્મસની આગાહી કરી છે.

આજે જમ્મુ કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ અને મધ્ય પ્રદેશમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. દિલ્હી, ઝારખંડ અને અરુણાચલ પ્રદેશમાં આવતીકાલ સુધી આવી જ સ્થિતિ રહેવાની અપેક્ષા છે.

હવામાન વિભાગે જણાવ્યું કે આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમ મધ્ય પ્રદેશ, ઝારખંડ અને છત્તીસગઢના અલગ-અલગ ભાગોમાં શીત લહેરની સ્થિતિ રહેવાની સંભાવના છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- અરવલ્લી અંગે સર્વોચ્ચ અદાલતના ચુકાદાના સમાચારને તમામ અખબારોએ મુખ્ય મથાળામાં સ્થાન આપ્યું છે
- ગુજરાત સમાચાર લખે છે...એકા એક સુપ્રીમનો સુઓ મોટો.. ખનન પર સ્ટે આશ્ચર્ય-રહસ્ય
- સંદેશ લખે છે...સુપ્રીમે પોતાના ચુકાદા પર જ સ્ટે આપ્યો
- દિવ્યભાસ્કર લખે છે...દેશની પીડાની સુનાવણી અરવલ્લીનું સંકટ ટળ્યુ સુપ્રીમ કોર્ટે નવી વ્યાખ્યા પર સ્ટે લગાવ્યો
- ગુજરાત સમાચારએ અન્ય હેડ લાઇનમાં યુક્રેને પુતીનના ઘર પર ડ્રોન હુમલો કર્યો.વાટાઘાટો ખોરવાશે.રશિયાનો દાવો. હેડલાઈનને સ્થાન આપ્યું છે
- તો સંદેશે સિંગરની સજા રદ કરી.. જામીનના લખનઉ હાઇકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટ નો સ્ટે.. સમાચારને સ્થાન આપ્યું છે
- બાંગ્લાદેશ **20** હજાર ભારતીયોની વર્ક પરમીટ પર ગંભીર સંકટ સર્જાયુ.. આ હેડલાઈન દિવ્યભાસ્કરે લીધી છે તો જય હિન્દ લખે છે હિંદુ પરિવારના પાંચ ઘરોને સળગાવી નાખ્યા